DIVYAYATAN
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY
DIVYAYATAN -
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY
Peer Reviewed Journal
E-ISSN: 3048-4928

# બંગાળના પરિવ્રાજક બાઉલ

**Dr. Hina V Mori**

Assistant Professor
Department of Ashtangyog
Lakulish Yog University, Ahmedabad
heenamori1985@gmail.com

**પ્રસ્તાવના**

બાઉલ પ્રસિદ્ધિથી દૂર રહેનાર સંત પરંપરા છે. બંગાળના પરિવ્રાજક તરીકે બાઉલ ઓળખાય છે. 'બાઉલ' નો અર્થ પ્રેમ ! થાય છે. પ્રેમ વિના કશું નહીં, બાઉલોએ સિધ્યો અને નાથોની યોગસાધના સુધી લઈ ગયા. કારણ કે ભારતીય સાધના પરંપરામાં છેક પ્રાચીન સમયથી જ ચાલી આવી છે. બંગાળના બાઉલનો અધ્યાત્મ વિચાર પ્રત્યક્ષ જીવન વ્યવહરમાં પણ સહાજતાનો આધાર સાથે 'સાધના ધારાય' કે આત્મા અને અંતઃકરણ બંનેને એક જ સપાટીએ મૂકી શકતા સાધકો સાધના અને સૂક્ષ્મ સમજ દ્વારા જ પામી શકે. પરમતત્ત્વના કોઈ સ્થૂળ સંકેત વિના બોલચાલની સરળ ભાષામાં સહજ રીતે કથવાની કળા આત્મસાત છે. બાઉલના ગીતોમાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો અને સમર્પણનો ભર્યો- ભર્યો સમન્વય જોવા મળે છે. બાઉલની પરંપરા બહુ પહેલાંની પરંપરા માનવામાં આવે છે. સતીશચંદ્ર વ્યાસ આ પરંપરા વિશે કહે છે. કે "પોથી પર આધારિત નહીં તેવી પરંપરાના બાઉલ પોતાની પરંપરા અનાદિ. સૂર્ય, ચંદ્ર પણ નહોતા. તે પહેલાની માને છે."એટલા માંતે શ્રી સતીશચંદ્રે "મનેખના માંધલા" ના જાણતલ તરીકે વર્ણવ્યાં છે. જ્યાર' બાઉલ' નું નામ આવશે કે બોલશે ત્યારે સતીશચંદ્ર વ્યાસને યાદ કરવા પડશે. બાઉલની વાતો એક સાંસ્કૃતિક ઇતિહાસ સાથે જોડાયેલી છે. બાઉલ પોતાના ગીતોને પોતાની સાથે આત્મસાત કરે છે.તે પોતાના ગીતોને શ્રેષ્ઠટીવી સાબિત કરવામાં ક્યારેય પડતાં નથી. તેઓ ફક્ત પોતાના ગીતોને નૃત્ય દ્વારા જ વુકટ કરે છે. એટલા માટે તારક વડે સમજવા કઠિન છે. એવા બાઉલ જેમને સંતોની ઉપમા આપવી ઘટે. સંત કોણ? જેના જીવનનો તાર પરમાત્મા સાથે જોડાઈ ગયો હોય તે સંત. સંત એટલે અધ્યાય પુરુષ. આવા અશયાએ પુરુષનું દર્શન બાઉલોમાં જોવા મળે છે.

એક ભજનિકે ગાયું છે-
"ગુરુગમ વિના બાત કૈસી,
કોએ મિલે સંત ઉપદેશી"
ઘણી વાતો ગુરુગમ વિના સમજાવી શક્ય નથી. માત્ર અનુભૂતિ દ્વારા જ સમજી શકાય છે. બાઉલ જ્ઞાન માટે કહેતા કે,

"અધૂરું જ્ઞાન એ બોજ છે,
પૂરું જ્ઞાન એ જ મોજ છે."
એક વાર એક માણસ બાઉલ પાસે ગયો જઈને કહ્યું : "મને થોડું સત્ય આપો" બાઉલે કહ્યું. "લેવું હોય તો પૂર્ણ સત્ય લો. થોડું સત્ય સહન થઈ શકશે નહીં." પાણીનો ઘડો માથે ઉચકશો તો ઘડો અને પાણીનું વજન લાગશે અને નદીમાં ડૂબકો મારશો અને કદાચ આખી નદી મોજ લાગશે ! કારણ કે નદીમાં પૂર્ણ જળ છે. અને ઘડો અપૂર્ણ જળથી ભરેલો છે. સાધન અધૂરી હશે અને જ્ઞાન અપૂર્ણ હોય ત્યારે તે બોજ રૂપ જ લાગે. સાધનાને તો જ્ઞાન દ્વારા જ પામી અને માણી શકાય. બાઉલ એ પંથ નથી. બાઉલની કોઈ વિધિ નથી, કોઈ માર્ગ નથી, તે કોએ સમજણ નથી કે તેની કોઈ વ્યાખ્યા ટેબઈ કવિતા, ગીત. નૃત્ય, સંગીત એ કળા નથી. પણ પરમ પદને પામવા સાધકના જીવનમાં પ્રભુકૃપાથી પ્રેમલક્ષણા ભક્તિ પ્રગટે છે. ભાષાના ભેદને ભૂસઈને અલખની આરાધ લાગી પહોંચાડતો અલગારી અવાજ છે.


© 2025 by Author

આવી પ્રેમલક્ષણા ભક્તિ વિશે સૌરાષ્ટ્રના મીરા ગંગાસતી કહે છે.
“પાકો પ્રેમ જ્યારે અંગમાં આવે રે,
ત્યારે સાધન સર્વે શમી જાય:” (ભજન-૧૪)
અર્થાત :- ભક્તિમાં તરબોળ બની જઈને જ્યારે પાકો પ્રેમ રોમેરોમ પ્રગટે છે. ત્યારે સાધનાની ગતિ શાંત થઈ જાય છે.

**માઘલાના જાણતલ : બંગાળના બાઉલ**

લાભશંકર પુરોહિત સતીશચંદ્ર વ્યાસ વિશે બંગાળના પરિવ્રાજક બાઉલ વિશે લખે છે કે, “સતીશચંદ્ર વ્યાસ આમ ઔધોગિક તાલીમ સંસ્થામાં સર્વોતમ રહ્યા. પણ કળાસંસ્કૃતિના એકાધીશ પ્રદેશોમાં જીવંત રસ, તાત્વિક સમાજ અને દૃષ્ટિવાનત ઋષિને કારણે વારે-વારે દેશ ભરમાં તેને કારણે જ આપણા સંસ્કાર જગતમાંના કેટલાક અજાણ્યા ઈલાકાઓ આપણને જાણવા મળે.” (પુરોહિત, ૨૦૨૦) બંગાળના બાઉલો, તેમની નિત્યર્યા, ગીત, નર્તન, વડાંના એકચિત કરી દિધા. આ સંપ્રદાયની સ્થાપનમાં કોઈ ચોક્કસ વ્યક્તિનું નામ ઉપલબ્ધ નથી. પરંતુ ‘બાઉલ’ શબ્દ સોળમી સદીના બંગાળના કૃષ્ણદાસ કવિરાજ દ્વારા “ચૈતન્યચરિતામૃત” અને વૃંદાવનદાસ ઠાકુર દ્વારા લખાયેલ “ચૈતન્ય ભાગવત” જોવા મળે છે. વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય ચૈતન્ય દેવ પોતે પણ પોતાને બાઉલ તરીકે ઓળખાવતા આમ જોઈએ તો બાઉલનો સંસ્કૃત અર્થ ‘વ્યાકુળ’ થાય છે. ‘વ્યાકુળ’ એટલે ઈશ્વરના પ્રેમમાં પાગલ. બૌદ્ધ સિદ્ધો શરીરની અંદર અશરીરીને પામવાની સાધન કરે છે. બાઉલ ઉપાસકો પણ સંગીત સાધન દ્વારા સંગીત સાધન દ્વારા દેહ-સાધન કરે છે. યોગની ભૂમિકામાં મહર્ષિ પતંજલિ રચિત ‘પાતંજલ યોગ દર્શનમાં’ પણ વર્ણવ્યું છે કે અષ્ટાંગયોગ દ્વારા યમ થી લઈ સમાધિ સુધી સાધક સાકારથી લઈ નિરાકાર ‘બ્રહ્મ ની પ્રાપ્તિ કરે છે. માનવ શરીરમાં આત્માનું સ્થ છે. આત્માનો સબંધ પરમાત્મા સાથે છે. એટલા માંતે ‘અષ્ટાંગયોગ દર્શિકા’ માં સ્વામી રાજર્ષિ મુનિ લખે છે કે ‘यूजीर योगे’ માંથી ‘યોગ’ શબ્દ ઉદભવ્યો છે. એમાં ‘યોગ’ શબ્દનો અર્થ જીવાત્માનું પરમાત્માનું પરમાત્મા સાથે જોડાણ અથવા મિલન થાય છે. (રાજર્ષિ, ૨૦૧૩)
શાસ્ત્રો કહે છે કે, બ્રહ્મતત્વ એ અંતિમ તત્વ છે. જેને જન્ય પછી અન્ય કંઈ જાણવાનું રહેતું નથી. અને જે એને જાણે છે તે મુક્ત બની જાય છે. બાઉલના માટે, જ્યારે આત્મા સાથેના માનવ શરીરને ‘મનુષ્ય’ કહેવામાં આવે છે. ત્યારે સંપૂર્ણ આત્મા અથવા પરમાત્મા મનુષ્ય કહેવું અનુચિત નથી. બાઉલ પોતાના રચાયેલ ગીતોમાં તાણાવાણામાં ગૂંથી એક આધ્યાત્મિક ચાલો વાગે છે. બાઉલ તેના ગીતોમાં થોડાક રહસ્યોને ખોળે છે. મોત ભાગના ઢાંકેલ રાખે છે. કારણકે માનવ સંપૂર્ણ રહસ્યસ્ફોટને જીરવી શકે તેટલા સજ્જ કે સહજ હોતા નથી.
‘મનેર માનુષ’ ની સ્થાપન એમની મૌલિક દેણ છે. કાયમ જ સર્વસ્વ રહેલું છે એમ તેઓ માને છે. આથી તેઓ એમ મને છે કે, કાયમ જ સર્વસ્વ રહેલું છે. કાયાને કલેશ આપવાના બદલે કાયા પર શ્રદ્ધા રાખવાથી સત્યનો સાક્ષાત્કાર થઈ શકે. અનંત શૂન્ય માનવના અંતરમાં હોવાથી માનવથી મોટું જગતમાં કઈ જ નથી એવી તેમની માન્યતા છે. માટે અંતરને શુદ્ધ રાખવું જોઈએ. પ્રેમના પ્રકાશ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરવો જોઈએ. ટૂંકમાં માનવામાં જ ઈશ્વર સર્વસ્વ રૂપે બિરાજમાન છે. એમ માનનારો આ સંપ્રદાય છે. (પ્ર. ઉ. શાસ્ત્રી)

બાઉલોના લોકસંગીતે અને એના લોકગીતોએ સંગીતના મર્મક્ષને એના દિવ્ય આનંદથી આકર્ષી લીધા છે. બાઉલનાં ગીતો આપણને દિવ્ય પ્રેમાવેશમાં તરવોળ કરે દે તેવા હોય છે. બાઉલે કૃષ્ણની બાળલીલા વિશેનું ગીત કહ્યું છે તે પરંપરાગત બાઉલગાનને સમજાવતા માં જશોદાને કહ્યું છે કે,

“મા, ગોપાલ કે તોરે દીતે હવો
તોમાર ઘરે એશે ગોપાલ હેલ અપરૂપ”
(માં, તારે ગોપાલ (અમને) આપી જ દેવો પડશે તારા ઘરમાં બાળ ગોપાલે રૂપાતીત રૂપ ધારણ કર્યું છે.) દિલે ઘર તોર ધન્ય હબે


© 2025 by Author

DIVYAYATAN
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY
DIVYAYATAN -
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY
Peer Reviewed Journal
E-ISSN: 3048-4928

અનઈલે હોબે અંધકૂપ ! (જો અમને આપીશ તો ઘર ધન્ય થશે નહીતર અંધારા કુવા થઇ જશે)
અતિતદાસ બાઉલ માને છે કે ગોપાલ ભલે જનમ્યો જશોદાના ઘરે પણ તે જગતનું ધન ! તેને કોઈ સંઘરી ના શકે ! ન નાદ્રજ, ન જશોદા, ન દેવકી, ન વાસુદેવ, ન વૃંદાવન કે ન ગોકુલ ! જેમ સબ ભૂમિ ગોપાલની છે. તેમ ગોપાલ પણ બધાનો છે.
'સાબેર ભૂમિ ગોપલેર
ગોપાલ સાબેર સમાજેર !'
(વ્યાસ, ૨૦૨૦, ૩૦)
'સઘળી ધરા ગોપાલની
ગોપાલ આખ્ખા સમાજનો !')
ગોપાલ જેવું જ ભક્તિનું છે! ભક્તને મળેલ ભક્તિરૂપ સૂર્ય સૌ માટે ખુલ્લો મુકવો જ પડે!
તેમાં જાત, પાત, ધર્મ, દેશ વિસ્તાર પ્રદેશમાં ભેદ ન ચાલે.

**બાઉલ લોક ગાયન**

બાઉલ એક પ્રકારનું લોક (ફોક) ગાયન છે. તેમના ગાયન, નર્તનની લીલામાં ઈશ્વર ભક્તિમાં એવી રીતે લીન થઇ જાય છે કે, એમને 'બાઉલ પાગલ' પણ કહેવામાં આવે છે. બાઉલ ગીતની તરજ પર એકલી વાંસળી વગાડે છે. "જલે જાઈઓ નાં, ગોપાલ !" તેઓ કહે છે "બાઉલેર વાંસળી શીખવા માટે પહેલા પ્રાણનો આયામ-પ્રાણાયામ શુદ્ધ હોવો જોઈએ ! પછી જ મન શુદ્ધ થાય છે.
"વાંસળીનાં સાત છિદ્રોમાંથી પહેલા છ છિદ્રો તો ષડરિયુંને કાઢવા માટેના છે !"
છ એ શત્રુ બહાર નીકળી જાય પછી જ સાતમાં છિદ્રથી સ્વયં સંગીતદેવ "મનેરમાનુષ" થઇ પ્રગટે છે.

**બાઉલ ગીતોમાં રહસ્ય**

બાઉલ પ્રસિદ્ધથી દૂર રહેનારા છે. તે સંત પરંપરા છે. તેમની એક શરત એવી પણ છે. સાચી ઓળખ છતી ન કરવાની લાભશંકર પુરોહિત બંગાળના બાઉલ વિશે લખે છે. "બાઉલની વાતો' માંના સો જેટલા પ્રસંગોનું કથન ઘટનાની કે પરિસ્થિતિની ઓળખ આપનારા નથી કે પ્રાપ્ત કરવાની કશી માહિતી, બોધવચન તો છે જ નહિ. પણ પ્રસંગના વિધાનમાં સુતેલી ગુઢતા તેમાંથી ઉકલી અએ છે. બાઉલના નિત્યજીવન વ્યવહારમાં પણ સબંધનો ઉચ્ચારણો ઘટનાનું કથાન માત્ર અભિધાગત નથી હોતા તેમાંથી સહજપણે નિષ્પન્ન થતો આ અલિખિત બોધ એ જ તેનું સ્વારસ્ય છે" (૨૮.૨.૨૦૨૦) આપણા સાહિત્યમાં વિશાળ નદ જેવો સાહિત્ય પ્રવાહ છે. આપણા શાસ્ત્રોમાં આધ્યાત્મનો ઈતિહાસ લખવો જરા મુશ્કેલ છે. ગુજરાતી સાહિત્યમાં પ્રસંગકથા ઉમેરણ નથી પણ પૂરક છે. બાઉલ વિષે ગુજરાતીમાં સાહિત્ય ઉપલબ્ધ નથી. ડૉ. મનોજ રાવલ 'બાઉલની વાતો એક સાંસ્કૃતિક ઈતિહાસ' માં જણાવે છે કે "મન અને દેહ સંબંધી તેમનો શબ્દ 'મનેર માનુષ' જગતને બાઉલની દેણી છે. તથ્યા- પુથ્યાથી લઈ, સંન્યાસી, ગૃહસ્થી બાઉલનું જગત વિવિધતાવાળું છે. બાઉલ જગતમાં મધુરભાવ, પ્રેભાવ, અને તેનું સાધકરૂપ તથા અસીમરસમાં મુક્તીવાળું સિદ્ધરૂપ જોવા મળે છે. જેમ પંખી આકાશમાં વિહરે તેમ પૃથ્વી તત્વ સાથે આ બાઉલ સંકળાયેલ છે. ગુરુનો મહિમા, સહજીયા કે મધ્યમમાર્ગી વલણ, બાઉલણી લાક્ષણિકતા તરીકે ખપાવાય. ગીત, સંગીત, નર્તન (સર્જન) સાથે કુદરતનું સાનિધ્ય મળી રહે છે. (શિવરાત્રી, સં ૨૦૭૬ માં)
બાઉલ ઉપરછલ્લી નજરે તો જોનારને સામાન્ય સાંપ્રદાયિક લાગે પણ તેમની સાધના પરંપરામાં સમષ્ટિની નિસબત કેવી છે સૂચવી જાય છે.
"ઓટાઈ જાવ ત્યારે હંમેશા ગુરુ પાસે જામે,
ગુરુ પાસે જવાની જ્ઞાનયાત્રા સહજની પાત્રા છે.


© 2025 by Author

ગુરુ પાસેથી મળેલ ભરતી જ આપણને આપણા સ્વસ્થાનકે પહોંચાડે”

(વ્યાસ, ૨૦૨૦)

જગતપ્રવાસી બાઉલની દોડ કેટલે ? તો કહે, ‘ફરે બધે પણ -------- દોડ તો ગુરુના ઘર સુધી જ|”

ભલમનદાસ બાઉલ ઉપરની પંક્તિના મર્મને સમજાવે છે કે ‘હલેસા વિના હોડીને વેઠારીને કોણ લઇ જવાનું હતું? એટલે હોડી કાંઠે સહીસલામત હતી ! અને હલેસું નાવિકની ઝુંપડીમાં સલામત હતું !

બાઉલો મહાપ્રભુ ચૈતન્યની જેમ નૃત્ય દ્વારા અંદરના માંછલા ને રીઝવવાનો પ્રયત્ન કરે છે. બાઉલોણી ! કળા તો બહુ ઓછા કલાકારને સાધ્ય હોય છે. બાઉલો નૃત્યમાં ચક્રનો આધાર માને છે. ગલ્ગુનદાસ નામના બાઉલ કહે છે. “ગાણપત્ય અધિષ્ઠિત મૂલાધાર પાસે અમે ડગ્ગા (નાના નગારા) ને બાંધીએ છીએ ! ડગ્ગા ન નાદ જગાવી ગણપતિ સ્તુતિ કરે છે.  કંઠ ચક્રનો અવાજ જીવદેવતાને હાજર કરે છે ! ગોપીયંત્રથી ઉન્નત થયેલો હાથ દુરૂ દેવતાને સમર્પિત થતો હતો, માથાને, ખોપરીને, અતિક્રમી મૂર્ધાચક્ર સુધી સૂર દ્વારા વિસ્તરે છે ! તાલ સૂર બંનેનું સાયુજ્ય લિંગ, મણીપુર અને અનાહત ચક્રને જગાડે છે. તેનો જ આ ચેતો વિસ્તાર છે” (વ્યાસ, ૨૦૨૦, ૩૭)

બાઉલોનું એવી માનવું છે કે લોકો ગાયનું નર્તનની લીલા જોર રહે છે. તેની પડછમાં અમે તો છ ચક્રોને ભેદી “મનેરમાનુષ” ની લગોલગ પહોંચી જઈએ ! લોકો છ ચક્રના ભેદનાર યોગી તરીકે જો અમને જાણી જાય તો અમને સાધના કરવાનો સમય અને શક્તિ બચવા ન દે ! આ બાઉલો ‘તપસ્વી’ બાઉલો તરીકે ઓળખાય છે. તેઓ પારિવારિક જીવન અને સમાજનો ત્યાગ કરી, ભિક્ષા પર તેમનું જીવન વ્યતિત કરે છે.

અર્થાત, મુશ્કેલીના સમયમાં ગુરુ પાસે જવાનું કહે છે. ગુરુ પાસેથી મળેલ જ્ઞાન સાધકને મજધાર સુધી પહોચાડે છે.

બાઉલ કોઈ મંદિર કે મૂર્તિમાં માને નહિ, દોરા-ધાગામાં પણ ન મને પરંતુ પ્રેમી મનુષ્યને માને, નાદિયા જીલ્લાના ઘોસપરા ગામમાં નદી કાંઠે આશ્રમ બનાવી બાઉલ અલતાફ દોલા રહેતા હતા. તે કહે છે.

‘જીવનમાં પણ તેવું જ છે,
શું અવળું શું સવળું !
ચાલતા રહેવું મહત્વનું છે.”

એક બાઉલ ગાન છે ને :

‘એપિઠ ઓપીઠ ઉલટો કથા
દુઈ ચે મિલે સત્ય પાતા |’

અર્થાત :- આ બાજુ, પેલી બાજુ, બધું ખોટું;
બેય મળી જાય ને ત્યારે જ સાચું !

જેમ પ્રકૃતિમાં ટાઢ, તાપ, વરસાદ, ભરતી, ઓટ બધું પ્રકૃતિને ગતિમાં લાવવા માટે જ થાય છે. તેમ જીવનની ગતિ માટે કંઈ અવળું કે સવળું હોતું નથી ! બધું પ્રેરક જ હોય છે. આમ સમજતા આપણને પ્રતીત થશે કે બાઉલનાં જે મુખ્ય સિદ્ધાંત છે તેનું જીવનમાં વ્યવહારિક સ્વરૂપ જળવાઈ રહે છે.

**વિશેષતા**

- બાઉલોની વિશેષતા એ છે કે, તેઓ ક્યારે પણ પોતાનું જીવન એક -બે દિવસથી વધારે કોઈ એક સ્થાન પર વ્યતીત કરતા નથી.
- તેઓ ગામડે-ગામડે જઈને અને ભગવાનના સ્ત્રોતો અને લોકગીતો ગાઈને ભિક્ષા માંગીને પોતાનું ગુજરાન ચલાવે છે.
- બાઉલોનો પોષાક સફેદ લુંગી, કેસરી કુર્તા અને પાઘડી, ગળામાં માળા અને કપાળ અને ગળા પર માટી અને ચંદનના


© 2025 by Author

મિશ્રણનું તિલક લગાડવામાં આવે છે.

- ➢ બાઉલો મુખ્યત્વે એકત્ર, ડુગી, ગુબગુબી,પગમાં ઘૂંઘરું અને ખભા પર વિવિધ રંગોના નાના ટુકડાઓથી બનેલો જે કપડાઓથી બનેલો હોય છે. જોળી સાથે ચાલે છે.
- ➢ બાઉલો પોતાનું જીવન ઈશ્વરની ભક્તિ અને માનવતાની સેવામાં વિતાવે છે.
- ➢ બાઉલોને મોહ-માયા, સંપતિ, ઘર-બાર અથવા તો બહારની કોઈ પબ વસ્તુ વિશે કોઈ ચિંતા હોતી નથી.
- ➢ જ્યાં તે બંગાળમાં રહે છે, તે જગ્યાને અખાડા અથવા અખાડા આશ્રમ કહે છે.
- ➢ આજના સમયમાં પ્રસિદ્ધ બાઉલ શ્રી પૂર્ણદાસ, બાલીગંજ કલકતા જેમણે વિશ્વમાં ગાન કરીને સમગ્ર વિશ્વને ‘બાઉલ ગાન’ ની ઓળખ આપી છે.
- ➢ તમામ બાઉલ ગાયકો દ્વારા એવું માનવામાં આવે છે. કે બાઉલ ગાયકીનો ઉદ્ભવ બંગાળ, ભારતના કેદૂલી નામના સ્થળેથી થયો છે. જે વિરભૂમિ જીલ્લા હેઠળ આવે છે. જે હવે બંગાળના પ્રખ્યાત સાહિત્યકાર અને કવિ જયદેવ તરીકે ઓળખાય છે.
- ➢ બંગાળના બાઉલો, તેમની નિત્યર્ચા, ગીત, નર્તન, વદનના એકચિત કરી દેતા વિલાસો પણ શાંત, પવિત્ર અને પવન હોય છે.

## સંદર્ભ સૂચિ

વ્યાસ.એસ/ (૨૦૨૦) બંગાળના પરિવ્રાજક : બાઉલની વાતો : (પ્રથમ આવૃત્તિ) એન. એમ ઠક્કરની કંપની.
પૂ. મોરારીબાપુણી રામકથા, નવેમ્બર, ૨૦૧૯, ઉત્તરકાશી
જયભિખ્ખુ (આપણા સંતો, ભક્ત સૂરદાસ : (પ્રથમ આવૃત્તિ) ગુર્જર ગ્રંથરત્ન


© 2025 by Author